ગાંધીનગર સમાચાર



# ગાય, ગૌરી અને ગંગાજળનું રાજકારણ

## તંત્રીસ્થાનેથી...

પોસ્ટ ઑફિસો મારફત ગંગાજળ વેચવાનો મોદી સરકારનો નિર્ણય શ્રદ્ધાળુ પ્રજાને ગમી જાય તે સ્વાભાવિક છે. આઝાદીના સાત દાયકા સુધી આવો 'આઈડિયા' બીજી કોઈ સરકારને નહોતો સૂઝ્યો. સંસ્કૃતિની દુહાઈ દેતા રહેલા અટલ-અડવાણીને પણ આવો વિચાર નહોતો આવ્યો. ચાતુર્માસના પ્રારંભે જ ગંગાજળની બોટલોનું દેશભરમાં પોસાય એવા ભાવે વિતરણ શરૂ કરીને મોદી સરકારે એકી સાથે અનેક નિશાન તાક્યાં છે. હિંદુત્વના પુણ્યપ્રતીક સમી ગંગા પાપનાશિની અને મોક્ષદાયિની ગણાઈ છે. હજારો વર્ષ અગાઉ ભગીરથે એના અધોગતિએ ગયેલા શાપિત પૂર્વજોના મોક્ષ માટે આ પવિત્ર સરિતાને ઉગ્ર તપશ્ચર્યાને અંતે દેવાધિદેવ મહાદેવને પ્રસન્ન કરી સ્વર્ગમાંથી આર્યાવર્તની ભૂમિ પર આણવાનું પરાક્રમ કર્યું હોવાની કથા જાણીતી છે. ગંગાજળમાં બેકટેરિયા નહીં મળતા હોવાનું પણ સર્વવિદિત છે. જો કે એની પાછળ જરૂર કોઈ વૈજ્ઞાનિક કારણ હોવું જોઈએ. હિમાલયની શિલાઓ અને વનસ્પતિનો સંસ્પર્શ એને જંતુરહિત રાખતી હોય તે શક્ય છે. પરંતુ ગંગોત્રી પછીની ગંગામાં સતત માનવ સર્જિત પ્રદૂષણ ઉમેરાતું જાય છે અને કાનપુર પાસે વહેતી ગંગામાં તો ગટરની ગંદકી ઉપરાંત કતલખાનાનું લોહી સુધ્ધાં ભળે છે. મોક્ષના અર્ધદગ્ધ ખ્યાલો ધરાવતી પ્રજા ગંગામાં મડદાં વહેતાં કરી દે છે તે પણ કોણ નથી જાણતું? આવી ગંદી થયેલી ગંગાના શુદ્ધીકરણ પાછળ ભારત સરકારે પાણીની જેમ પૈસા વેર્યા છે, છતાં પરિણામ શૂન્ય જ આવ્યું છે. પ્રજાનું ધ્યાન આ મુદ્દેથી હટાવવાના ઈરાદાસર હવે સરકાર ગંગાના શુદ્ધીકરણને બદલે ગંગોત્રી અને ઋષિકેશમાંથી એકત્ર કરેલ ગંગાજળ વેચવાનો પ્રયાસ શરૂ કરી રહી છે. ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં આ ગંગાનો મુદ્દો કેન્દ્રવર્તી બની શકે એવો છે. હિંદુ મતદાતાઓને આકર્ષવા માટે ગાય અને ગંગાથી ચડિયાતા મુદ્દા હોઈ શકે ખરાં? ભાજપ પાસે દાદરીવાળા અખલાકના ઘરમાંથી મળેલ માંસ બકરાનું નહીં પણ ગૌવંશનું હોવાનું એફએસએલનું પ્રમાણપત્ર આવી ગયું છે. કોર્ટે મૃતક અખલાકના પરિવાર સામે ગૌહત્યાનો કેસ ચલાવવાનો આદેશ પણ કરી દીધો છે. ઉત્તરપ્રદેશની ઐતિહાસિક ચૂંટણીમાં ગાય અને ગંગા ઉપરાંત ત્રીજો મુદ્દો ઉમેરાયો છે તે છે 'ગૌરી'નો. ગૌરી એટલે પાર્વતી. 'શીલા' એ પાર્વતીનું પર્યાયવાચક નામ છે. શીલા દિક્ષીતને બળજબરીપૂર્વક ઉત્તરપ્રદેશની ચૂંટણીના ચક્રવ્યૂહમાં ધકેલવાનો મૂળ વિચાર તો પેલા ચૂંટણી ચતુર પ્રશાંત કિશોરનો જ હતો. પાર્ટી વર્તુળોમાં દિલ્હીનાં આયાતી ઉમેદવાર વિરુદ્ધ ચણભણ હતી, છતાં આખરે એમને જ એ જવાબદારી સોંપાઈ છે. શીલા દિક્ષીતની યોગ્યતા વિશે ભાગ્યે જ કોઈ આંગળી ચીંધી શકે. દિલ્હીમાં ત્રણ ટર્મ સુધી સત્તામાં રહીને એમણે રાજધાનીની શકલ બદલી નાખી હતી. પરંતુ એમના પર ભ્રષ્ટાચારના આક્ષેપોની એસીબી તપાસ પર મુકાયલી છે. બ્રાહ્મણ મતદાતાઓને આકર્ષવા માટે શીલા દિક્ષીતને એમના દિવગંત શ્વશુર ઉમાશંકર દિક્ષીતની ગુડવિલ ખપ લાગી શકે એમ છે. સામે પક્ષે ભાજપ હજી સુધી મુખ્યમંત્રીના ઉમેદવારનું નામ જાહેર કરી શક્યું નથી. માયાવતી દલિત છે, અખિલેશ 'યાદવ' - ઓબીસી - છે. આમ ઉત્તરપ્રદેશમાં સવર્ણોનાં નેતા તરીકે શીલાને પ્રોજેક્ટ કરવાનું કામ મુસ્લિમ પ્રદેશ પ્રભાવી ગુલામ નબીને અને મુસ્લિમ પરિવારમાં પરણેલા અભિનેતા કમ નેતા રાજબબ્બરને સોંપાયું છે. પ્રિયંકા ગાંધી મન મૂકીને ઉત્તરપ્રદેશનો દરેક મતવિસ્તાર ઘમરોળવાનાં છે. શીલા-પ્રિયંકા અને રાજબબ્બર-ઈમરાનની જોડી મહિલા-મુસ્લિમની નવી ધરી સર્જશે. મોદીનો કરિશ્મા ખાળવામાં એ કેટલી સફળ રહેશે તે તો સમય જ કહેશે.

# માણસમાંથી મહાત્મા ને મહાત્મામાંથી 'મીઠાચોર'


મીઠઆ ઉપરના કર સામેના ના-કર લડત વખતે દાંડીના દરિયેથી ચપટીક મીઠું ઉપાડનાર મોહનદાસ કરમચંદ ગાંધીને પ્રજાએ સહિષ્ણુતાથી 'મીઠાચોર' નો ઈલ્કાબ આપ્યો હતો, પ્રજાએ પ્રેમથી આપેલો આ ઈલ્કાબ મને ગમે છે એમ બાપુએ સ્વીકાર્યુ પણ હતું.

મોહનમાંથી મહાત્મા અને મહાત્મામાંથી મીઠાચોર બનાવાયેલા બાપુ પાછા મહાત્મા કરતાં પણ મીઠાચોર બનાવવા બદલ ખુશી વ્યક્ત કરે છે. તેઓ કહે છે, 'ઈલ્કાબ આપ્યો એ મનો ગમે છે. પણ મીઠાચોર થવું સહેલું નથી. મહાત્માપણું તો સહેલું છે. ખાવાપીવામાં થોડાક ઢોંગ કરે, લંગોટ પહેરે તો મહાત્માનું પદ તો આ દેશમાં સહેલાઈથી મેળવી શકાય છે. મીઠાચોરનું પદ એમ સહેલાઈથી મળે એવું નથી.'

> 'મીઠાચોરનો ઈલ્કાબ મને ગમે છે, મહાત્મા થવું તો સહેલું છે' : ગાંધીની કેફિયત

૨૬, એપ્રિલ ૧૯૩૦માં છરવાડામાં સ્થાનિકોને ભાષણ કરતાં બહુ મીઠાશથી હિન્દુસ્તાનની પ્રજાના દિલ ચોરનારા ગાંધી બાપુ કહે છે, 'હમણાં જ પાસેની ખાડામાંથી તમારી સાથે થોડું મીઠું લઈશ. સરકારે એ બધું માટીમાં ભેળવ્યું છે. એટલે ચોખ્ખું મીટું તો નહીં મળે, પણ જેવું મળશે તેવું આપણે હમણાં લઈશું. પરંતુ ચોર તો કયારે કહેવાઈએ ? ચોરી માટે સરકાર દંડ કરે તો ને. ચોરી કરીએ અને કોઈ બોલાવે નહીં તો પછી એ ચોરી શાની ? થોડી ધૂળ આપણે લઈશું એ સરકારી કાયદામાં ચોરી ભલે ગણાતી હોય, પણ એને સંસાર પણ ચોરી માનતો નથી અને સરકાર પણ માનતી નથી. ચોરી કરીએ એના બદલામાં હાથ ભાંગતા હોય તો તે ચોરી ખરી. ખરી ચોરી તો ત્યારે કહેવાય જયારે હાથ ને કાંડાં ભાગે કે જેલમાં નાખે ત્યારે આપણે મીઠાચોર ખરા.'

મીઠા આંદોલન દરમિયાન કોઈ માત્ર જેલમાં જાય તેમને મીઠાચોરનો ઈલ્કાબ ન આપશો. ખેડા જિલ્લામાં મીઠા સત્યાગ્રહ દરમિયાન કાર્યકરોને માર પડ્યો. એમનો મારવામાં સરકારી માણસોને રસ પડે એટલા માટે બત્તી પણ બુઝાવી નાંખી એવો ઉલ્લેખ કરતા તેઓ કહે છે માર ખાનારમાંથી છ-સાત ઈસ્પિતાલમાં છે કોઈ મરે તેમ નથી પણ જો કોઈક મરે તો આપણે કહીએ કે મીઠાના ચોરોનો એ ખરો સરદાર. બાકી મારી સાથે ખાડીમાંથી મીઠું લેવા આવશો એટલાથી કંઈ મીઠાચોરનું પદ તમને મળવાનું નથી. હા, આપમે મીઠાની ચોરીના ઉમેદવાર કહેવાઈએ ખરા.




માણસ નામે મહાત્માની ઓળખ પામેલા પૂ. બાપુ તેમના માનસ પુત્ર મહાદેવભાઈ દેસાઈ મીઠા સત્યાગ્રહમાં પકડાયા એનો પણ ઉલ્લેક કરે છે. ધોલેરાથી મીઠાની લૉરી ભરીને આવતા હતા. સરકારી અમલદારો આવ્યા ત્યારે મહાદેવ ઠેકડો મારીને તેના ઉપર બેસી ગયા અને પકડાયા હતા. આમ, ના-કર લડતમાં મહાદેવને તેમણે અત્યારે તો મારા કરતાં મોટા મીઠાચોર મહાદેવ નીવડ્યા એમ બિરદાવ્યા પણ પછી પાછા બાપુ કહે છે, મેં તો તેને લખ્યું છે કે તે જેલ ભલે ગયા, પણ તેમનો ધર્મ તો મરવાનો હતો! પોતાના સંતાન ગણીને જે ને પ્રેમ આપ્યો હતો એ મહાદેવ દેસાઈને બાપુ આવું લખી શકે.

એ સમયે સરકાર જે સત્યાગ્રહીઓને પકડતી તેમને 'અ' વર્ગના કેદી તરીકે રાખતી હતી. જેલમાં તો આશ્રમમાં મળી શકે તેના કરતાં ખાવાપીવાનું વધારે પામે. એક જણ રાંધી દેશે, બીજો પાણી ભરી દેશે અને ત્રીજો ધોતિયું ધોઈ આપશે એવી સાહેબી મળે એવો ઉલ્લેખ કરતા કહે છે. આ કંઈ કેદીના લક્ષણ છે? મહાદેવ અને જેરામદાસ જેવા જયારે માથાં રંગાવે, ઊનાં ઊનાં લોહીથી તેમના કપડાં સુંદર ખરડાયેલા હોય ત્યારે દુનિયાને કોઈક ખૂણેથી દયા ફૂટી નીકળ્યા વિના નહીં રહે.

જયારે અહિંસક લડતના સત્યાગ્રહીઓના માથા રંગાથે ત્યારે મીઠાનો કર તો જશે જ, પણ સાથે બીજું પણ ઘણું દરિયામાં તણાઈ જશે. દુનિયામાં કયાંક તો ઈશ્વર વસે છે જ ને? - એવો સવાલ ગાંધીબાપુ કરે છે.

સંદર્ભ 'છરવાડામાં ભાષણ', ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ : ૪૩, પૃષ્ઠ : ૩૬૪-૩૬૫

**(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# હા, નવા જમાનાના દીકરાને ભણાવ્યો, ધંધે વળગાડયો, હોંશે હોંશે પરણાવ્યો, ઘેર વહુ આવતાં અમે ભારરૂપ થઈ પડયાં એટલે અમને દેશમાં તગડી મૂકયાં, નવા જમાનાની અસર ભઈલા!

સૂટમાં ઊભેલા એક ગ્રાહકને આવકારતાં લાલજીએ સ્મિત સહ પૂછયું, ''કેટલા આપું સાહેબ?''

''જરા ટેસ્ટ તો કરાવો. સ્વાદ ગમે પછી ઓર્ડર આપું.''

ગરમાગરમ બેચાર ભજીયાં આપતાં વિનયપૂર્વક લાલજી બોલ્યો, ''સાહેબ નવા લાગો છો. એક વાર મારાં ભજીયાં ખાશો પછી રોજ અહીં આવશો. મારા બાપુએ શરૂ કરેલ આ ધંધાને પચાસ વર્ષ થઈ ગયાં. બાપુ તો ગયા પણ એનો ટેસ્ટ નથી ગયો. એમની પરંપરા જાળવી રાખી છે. આજના નવા જમાનાના દીકરાને હાથે કાલ શું થશે એની તો મને ખબર નથી. પણ આ ડોસો જીવશે ત્યાં સુધી એ શાખ જાળવી રાખશે.''

''કાકા, તમે પાકા વેપારી બની ગયા લાગો છો. ધંધાનો સારો ચિતાર આપ્યો.'' અને બે ભજીયાં ખાઈને ઉમેર્યું, ''મને દશ શેર આપો.''

''એટલા બધા? કેમ કંઈ પાટી છે?''

''હા, મારે ઘેર જૂના મિત્રોની મિલન પાર્ટી છે. ટેસ્ટ તમે એવો ને એવો જ જાળવી રાખ્યો છે,''

''એવો ને એવો એટલે હું કંઈ સમજયો નહિ, સાહેબ. તમે પહેલાં મારાં ભજીયાં ખાધેલાં?''

''હા લાલજી, એ ટેસ્ટ જ મને અહીં તમારી પાસે ખેંચી લાવ્યો છે. મને ખબર નહિ કે હજુ તમારી દુકાન હશે. પણ આજ એક જૂના મિત્રે વષો પહેલાં રીશેષમાં તમારાં ભજીયાં ખાતા હતા એ યાદ તાજી કરી.''

એ સાંભળતાં સાઠ વર્ષનો લાલજી ભજીયાં તરતાં ઊભો થઈ ગયો. પચાસ વર્ષ પહેલાં એના બાપે એક લારીમાં ભજીયાંનો ધંધો શરૂ કરેલો. એ વખતે તો એ દશ વર્ષનો હતો. બાપને ધંધામાં મદદ કરતો એટલે હોંશિયાર થઈ ગયો. ઘરાકી વધતી જતી હતી અને રાયપુરના ભજીયાને નામના મળી. લાલજીએ બાજુમાં ખાલી પડેલી એક દુકાનનો બેંકમાંથી લોન લઈ સોદો કર્યો. બેંક મેનેજર એના ભજીયાના રસીયા હતા. રોજ રીશેષમાં એનાં ભજીયાં મંગાવે. કયારેક બેંકમાં લોન ભરવા જવાનું થતું ત્યારે બેંક મેનેજરને પૂછતો, ''ઠાકર સાહેબ, ભજીયાંનો ટેસ્ટ એ જ રહ્યો છે ને!''

**પરંપરા**
**જય ગજ્જર**

''હા, લાલજી, તારા બાપની કળા તેં સારી હોંસલ કરી છે. તારા નામની બોલબોલા છે. લોકો દૂર દૂરથી તારાં ભજીયાં લેવા આવે છે. ખંત અને પ્રેમથી ધંધો ચલાવી એ કળા જાળવી રાખજે!''

''ભગવાનની કૃપા છે. જીવશું ત્યાં સુધી એ ટેસ્ટ અને એ નામના જાળવી રાખશું. સમયને વીતતાં કયાં વાર લાગે છે! કાલ તો કોણે દીઠી છે?'' અને ખુશ થઈને ચાલ્યો જતો.

એ દુકાનને જોતજોતામાં ચાલીસ વર્ષ પૂરાં થયાં એનો એને આનંદ અને ગર્વ હતો. સવારે જ એણે ઠાકર સાહેબને યાદ કરી રવજીને કહેલું ''બેટા, તું પણ આ પરંપરા અને ટેસ્ટ જાળવી રાખજે.''

સામે ઊભેલા ઠાકર સાહેબ પાસે દોડી જઈને એમના પગ પકડી બોલ્યો, ''તમે સાહેબ, અહીં કયાંથી? પરદેશમાં રહેતા હતા ને!''

''હા, નવા જમાનાના દીકરાને ભણાવ્યો, ધંધે વળગાડયો, હોંશે હોંશે પરણાવ્યો. ઘેર વહુ આવતાં અમે ભારરૂપ થઈ પડયાં એટલે અમને દેશમાં તગડી મૂકયાં. નવા જમાનાની અસર ભઈલા!''

''સાચી વાત છે. કોલેજના રવાડે ચઢી કુટુંબ ભાવનાની પરંપરા કદાચ ભૂલી જાય એ સમજીને તો મેં રવજીને કોલેજમાં ન મોકલતાં અહીં ધંધામાં વળગાડી દીધો. નવા જમાનાની અસર નીચે એક દિ ઘરડા માબાપને રસ્તા વચ્ચે ઊભાં કરી દે તો ઘરડે ઘડપણ કયાં જઈએ?'' આંસુ લૂછતાં એના પંદર વર્ષના દીકરા સામે જોઈ કહ્યું, ''બેટા રવજી, કુટુંબની પરંપરા અને માબાપના સંસ્કાર કદી ના ભૂલતો.''

લાલજીના એ શબ્દો વાગોળતા ઠાકર સાહેબે ભીની આંખો લૂછી ભજીયાં લઈ ઘરની વાટ પકડી.

# તમને ગુજરાતી માધ્યમનો (મૃત્યુ) ઘંટ સંભળાયો?

ગુજરાતના શિક્ષણ જગતમાં છેલ્લા કેટલાય સમયથી નીટ અને ગુજકેટ મુદ્દે સામ-સામા નિવેદનો થતાં રહયાં છે. વાલીઓ તથા વિદ્યાર્થીઓ પોતે બાનમાં મૂકાયા હોય તેવી લાગણી અનુભવી રહયાં છે. સરકાર અને સુપ્રિમની લડાઈમાં વિદ્યાર્થીનો 'ઘો' નિકળી ગયો એવી અનુભૂતિ લગભગ બધાને થઈ છે.

આજે ગુજકેટ કે નીટની ચર્ચા કરવી નથી. બે માંથી કઈ પરીક્ષાનો વધુ ફાયદો થશે તેની પણ ચર્ચા નથી કરવી. પરંતુ હવે NEET લેવાશે તેવું પાકુ થયુ છે. NEET ની દૂરગામી અસરો કેવી હશે?

અંગ્રેજી માધ્યમને અળખામણું ગણીને ખાસ્સો સમય દૂર રાખ્યા બાદ હવે તેને ખોળામાં બેસાડવાની વાત સપાટી પર આવી છે. ગુજરાતી માધ્યમના ચારે બાજુથી વખાણ કરીને અને અંગ્રેજી માધ્યમની શકય તેટલી ટીકા કરીને આજદિન સુધી ચાલ્યું-ચલાવ્યું. પરંતુ હવે તખ્તો બદલાયો છે. અંગ્રેજી માધ્યમે કરવટ બદલી છે. દરેક વાલીનો એક જ પ્રશ્ન ફરી ફરીને સપાટી પર આવે છે કે જો CBSC ના અભ્યાસક્રમ મુજબ NEET પરીક્ષા અને JEE પરીક્ષા લેવાશે તો અમારા બાળકોને ગુજરાતી માધ્યમમાં ભણાવવાનું કારણ શું ? તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગ્રેજીમાં લેવાશે તો ગુજરાતી માધ્યમમાં ભણેલા વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક અને જાહેર પ્રવેશ પરીક્ષામાં કેટલી ઝિંક ઝીલી શકે ?

જો કેરિયરની અંતિમ પરીક્ષા, ધો-૧૨ પછીની જાહેર પરીક્ષા અંગ્રેજીમાં જ આપવાની હોય તો ધો-૧૨ સુધી ગુજરાતી માધ્યમમાં ભણવાનો કોઈ અર્થ રહેતો નથી. એક વાત ઊડીને ધ્યાન પર આવી છે કે બાર વર્ષ સુધી ગુજરાતી માધ્યમ અને પછીની બધીજ પરીક્ષાઓ તથા અભ્યાસક્રમો જો અંગ્રેજીમાં જ ભણવાના અને ભણાવવાના હોય તો પહેલેથી જ અંગ્રેજી માધ્યમ કેમ નહિ? આમેય ગુજરાતમાં ધો-૧૦ પછી ગુજરાતી ભાષાને વિષય તરીકે કાઢી નાખવામાં આવ્યું છે.ધો-૧૨ પછીના કેરિયર નકકી કરવાના વર્ષોમાં ગુજરાતી માધ્યમમાં ભણેલા વિદ્યાર્થીને અંગ્રેજીમાં પરીક્ષા આપવાની સરકાર દ્વારા ફરજ પાડવામાં આવે તે ગુજરાતી માધ્યમ માટે, વિદ્યાર્થીઓ માટે અને ગુજરાત માટે માતૃભાષાના અપમાન સમાન છે.

જો આમ જ ચાલશે તો ગુજરાતી માધ્યમની શાળાઓ ટપોટપ બંધ થતા વાર નહિ લાગે અને એટલી જ ઝડપથી અંગ્રેજી માધ્યમની શાળાઓ ખુલી જશે. એક વિચાર એ પણ પજવે છેકે જો ગુજરાતી માધ્યમમાં ભણાવવાનો અર્થ રહેતો ન હોય તો ગુજરાતી માધ્યમની શાળાઓનું શું થશે? તેમાં નોકરી કરતાં શિક્ષકોને કયાં સમાવાશે ? ગુજરાત આખામાં જિલ્લા પંચાયત દ્વારા સંચાલિત પ્રાથમિક શાળાઓનું શું થશે ? લાખ્ખોની સંખ્યામાં નોકરી કરતાં ગુજરાતી શાળાના શિક્ષકોનું શું ? વગેરે જેવા અનેક પ્રશ્નો મોં ફાડીને બેઠા છે. (...લાંબુ વિચારો)

ગુજરાતી માત્ર ઘરમાં બોલાતી ભાષા બનીને રહી જશે. વ્યવહારમાં મોટે ભાગે હિન્દી અને અંગ્રેજીનો જ ઉપયોગ થાય છે ,હવે પછીના સમયમાં માત્ર અંગ્રેજી જ બોલાશે તેમાં શંકાને સ્થાન નથી !

આવનારા સમયમાં ગુજરાતી પુસ્તકો વાંચનારું કોઈ હશે નહિ. જો કોઈ ગુજરાતી પુસ્તક વાંચશે તો જુનવાણી કહેવાશે. દરેક યુવાન-યુવતીના હાથમાં માત્રને માત્ર અંગ્રેજી પુસ્તક હશે. નરસિંહ અને મેઘાણી ના ભજનો-ગીતો માત્ર દાદા-દાદીના ભજનો બનીને રહી જશે.




તાજેતરમાં ગુજરાતી ફિલ્મોએ પોતાની પરંપરામાંથી બહાર આવીને ૨૧મી સદીને છાજે તેવા નવતર વિષયોને લઈને ફિલ્મો બનાવી છે. તેમાની કેટલીક સફળ પણ રહી છે. હવે આ ગુજરાતી ફિલ્મો જોવા કોણ જશે ? તે માટે ગુજરાતી ભાષા સમજાય તેવા પ્રેક્ષકોની જરૂર પડશે. પરંતુ હવેની પેઢીતો એવી તૈયાર થશે કે જે ન ગુજરાતી ફિલ્મો જોઈ શકશે ન અંગ્રેજી ફિલ્મો સમજી શકશે.

ગુજરાતી ભાષામાં પ્રકાશિત થતાં અખબારો, સામયિકો, પુસ્તકોને કોણ ખરીદશે? વગેરે પ્રશ્નો વિકરાળ બનશે. ન સમજ પડે, ન સમજાય તોય અંગ્રેજી પુસ્તકોની માંગ વધશે. માતૃભાષા દ્વારા જ સંસ્કૃતિનું જતન કરી શકાશે એવું આપણા પૂર્વજો કહી ગયા. તો હવે સંસ્કૃતિનું શું ?

કોઈપણ સંસ્કૃતિના વિનાશ માટે તેની પ્રાદેશિક ભાષાને ખતમ કરવી- તેવું અંગ્રેજો માનતા ને ભારતમાં તેવું કરીને ગયેલા. તેના (કુ)ફળ આજ સુધી, આપણે ચાખી રહયાં છીએ. માતૃભાષા ને બચાવવા હવે કોણ આગળ આવશે ? અને શા માટે?

ભૂતકાળમાં અંગ્રેજી માધ્યમનો વિરોધ કરનારા કહેવાતા કેળવણીકારોના સંતોનો-પૌત્રો અંગ્રેજી માધ્યમમાં જ ભણેલા તે વાત વિસરાઈ ગઈ નથી. ગુજરાતનો વર્તમાન માહોલ જોતાં આગામી વર્ષોમાં વાલીઓ અંગ્રેજી માધ્યમ તરફ ઢળે તો નવાઈ લાગે તેમ નથી.

મિસરી :
કોઈને શ્રદ્ધાં નથી ભીંતર બેઠલા રામ પર,
મંદિરોમાં એટલે મોટી કતારો હોય છે.

રાકેશ સાગર (વડોદરા)

# કોઈના આજે પલળે પાલવ, કોઈનાં વળી મન

**ગાંધીનગર સાહિત્ય સભાની સાહિત્યગોષ્ઠિ... 'મેઘવંદના'**

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા, મા ગુર્જરીના પનોતા ગુજરાતી સાહિત્યને હરદમ મધમધતું અને મહેંકતું રાખવા અવારનવાર સાહિત્યિક કાર્યક્રમો યોજવામાં આવે છે તથા દર માસના બીજા રવિવારે અચૂક સાહિત્યિક સભા યોજવામાં આવે છે. આ માસમાં સાહિત્યિક સભા તા.૧૦-૭-૨૦૧૬ના રોજ સાંજના ૫.૦૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે સંસ્થાના ઉપપ્રમુખ નટવર હેડાઉ 'વનવિહારી'ના અધ્યક્ષ સ્થાને સંપન્ન થઈ.

મેઘરાજાની કૃપાદષ્ટિ વક્રી બનતાં; વરસવા આતુર થઈને ઝબુંળી રહેલ ઘટાટોપ વાદળો પણ હાથતાળી દઈને છટકી જતાં, ભરઅષાઢે કોરોધાકોર જતો જોઈ, નીતવીણ તડપતા જીવોપર મહેર કરવા, મેઘરાજાને વિનવણી કરતા સાહિત્યિકારોનાં સ્વરચિત 'વર્ષાઋતુ અને મેઘરાજા'નાં ગીત, ગઝલ, કવિતાનો સ્વમુખે પઠનનો કાર્યક્રમ આ સાહિત્યિક મહેફિલમાં યોજાઈ ગયો. મેઘરાજાને મનમૂકીને વરસવા વિનવણી કરતાં પૂર્વે, સંસ્થાના મંત્રી મૂળજીભઈ પરમાર દ્વારા સર્વેના ધબકતા સૂરના સથવારે, શબદની સંગિની - આરાધ્ય દેવી મા શારદાની સ્તુતિવંદના કરવામાં આવી હતી.

ત્યારબાદ સંસ્થાના પૂર્વપ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીના ધર્મપત્ની રમાબેનના થયેલ દુ:ખદ અવસાન બદલ, બે મિનિટ મૌનપાળી - શોકાંજલિસહ શ્રદ્ધાસુમન અર્પણ કરાયા. આ માસમાં જે સભ્યોના જન્મદિન આવે છે તેઓની નામાવલિ મૂળજીભાઈ પરમાર દ્વારા રજૂ કરવામાં આવતા, સર્વે તરફથી શુભકામનાઓ પાઠવવામાં આવી. અધ્યક્ષસ્થાનેથી નટવર હેડાઉએ સર્વેને આવકારી મેઘરાજાને વિનવવા સ્વરચિત રચનાઓ રજૂ કરવા બાબતે ઉદ્‌બોધન કર્યું. તો આવો, માણીએ... મેઘરાજાને વિનવતી કરતી, રજૂ થયેલ રચનાઓના કેટલાક અંશો... મેઘવંદનાની ઝરમર...

ગુલાબચંદ એન. પટેલે 'વર્ષા' વિશેની પોતાની કૃતિ રજૂ કરતાં જણાવ્યું :

● 'ઋતુઓની છે તું સુંદર રાણી, તારા આગમનની વાત મેં જાણી,
મેઘને જો તું પ્રેમથી કરે સાદ, તો ગુલાબ કહે આવે જ વરસાદ.'

રમણલાલ શ્રીમાળીએ 'મેઘ સ્વાગતમ્' ગીત રજૂ કરતાં જણાવ્યું :

● 'મેઘ સ્વાગતમ્ ગીતો ગાતાં, આનંદ વર્ષે અનરાધાર રે...
પિયુ પરદેશી આયો આંગણ, ભીંજાયાં તનમન નયન રે.'

બાબુ ગઢવી 'બાગ' એ 'મેંઘ બોલે છે' રજૂ કરતાં જણાવ્યું :

● 'બાગ-બગીચે ફૂલડાં મધમધ સ્વાગત કરતાં,
જળ છે જીવન એ સમજાવા આવ્યો છું.'

સુમંત શાહે 'જળ પ્રકોપ' રજૂ કરતાં જણાવ્યું :

● 'અનરાધાર વર્ષાના અમર્યાદ જળપ્રવાહે તળાવ, બંધ,
તૂટ્યા-ફાટ્યા, વીજ કડાકા ધડાકા જાણે શું કાળ પ્રકોપ?'

મંગળદાસ પારેખે 'આવ્યો અષાઢી મેહુલો રે લોલ!' રજૂ કરતા કહ્યું :

● 'આકાશે વાદળ ઉમટ્યું રે લોલ; ગડગડાટ કરીને ઘૂરક્યાં રે લોલ.
આયો આયો અષાઢી મેહુલો રે લોલ; ખેડૂતોનો આનંદ ઘણો ઊભરાયો રે લોલ.

મુલાંકી એ 'વરસાદમાં...' રજૂ કરતાં જણાવ્યું :

● મારી આંખો ભીંજઈ તારી યાદમાં, હું તો આખો ભીંજાયો વરસાદમાં
પ્રેમી પંખીડાં મળે, હૈયાને ટાઢક મળે; એમને જોઈને શાને, લોકોનાં ભવા ચડે?

મૂળજીભાઈ પરમારે પોતાની એક રચના ;


● 'વીરા મેઘને લઈને વેલેરો આવજે, હે... આભે ઘેરાયા મેઘાડંબર
ઘનઘોર રે... માડીના જાયા'
આ પપૈયા પિયુ પિયુ પોકારતા પોકારતા, હે... હવે ગાજે મોરલીયાનો ટહુકાર રે...
માડીના જાયા.
મેઘવીરા 'દધિ' સરિતા તુને વિનવે... આ ધરતી ધખી રહી તુજવીણ રે...
માડીના જાયા

પારૂલબેન બક્ષીએ 'વર્ષાઋતુનું ગીત' રજૂં કરતાં જણાવ્યું :

● 'કેમ કરી ભૂલું એ વાત'

ઈશ્વરલાલ જોષીએ 'મનભાવન મેહૂલિયો આવ્યો' રજૂ કરતાં જણાવ્યું :

● 'અષાઢની હેલી બની આવ્યો,
ખોરડે નેવાધાર બની આવ્યા
વનશ્રીનો વરણાગીવર બની આવ્યો, ખેડૂતોનો સાથી બની આવ્યો.'




એચ.બી. વરિયા (નિવૃત્ત આઈ.એ.એસ.) એ વર્ષાકાવ્યમાં જણાવ્યું :

● 'વર્ષા કાવ્ય કેમ લખી શકું હું,
શબ્દવર્ષાનું આવે પૂર.
માનવ તે દિ'મલકી પડ્યો તો, જે દિ'પરથમ ટીપું પડ્યું'તું.'
'રેલ મેઘરવાને થા ધુંવાધાર, આ સરવડાંથી તો શું વળશે?
ઓ પાણિયાળા પરજન્યા તુજને તરસી ધરાવતી વિનવું છું.'

નટવર હેડાઉએ 'પહેલો વરસાદ' રજૂં કરતાં જણાવ્યું :

● 'આવ્યો મોસમનો પહેલ વરસાદ
અષાઢી ઝરમરનો ઝીણો ઝણકાર.'

જિતેન્દ્ર કા. વ્યાસે તેઓની મંદાક્રાન્તા - સૉનેટ 'અલકા તોયે રે! દૂર દૂર!' રજૂ કરતાં જણાવ્યું :

● 'આવ્યો પાછો મદઝરત માતંગ જેવો અષાઢ !
જામ્યાં વ્યોમે ઘન સઘન. શો મેહુલો જોશભેર.
વર્ષે ધારા, ઉર ઉભય મૃત્પિંડ શાં ચૂર-ચૂર!
સ્હોડે સૂતું સ્વજન, અલકા તોય રે! દૂર દૂર !'

પાટણથી પધારેલ મહેમાન નગીનભાઈ ડોડીયાએ 'વરસાદનું ગીત રજૂ કરતાં જણાવ્યું :'

● 'કોઈકના આજે પલળે પાલવ, કોઈનાં વળી મન,
કોઈના ભીના કંચવા થાયે, કોઈનાં ભીંજે તન.
મેઘનો આજે એય છે કેવો લીલમછાયો દન.'

સ્વાતિબેન શુક્લએ પોતાની અછાંદસ રચના 'વરસાદ'માં જણાવ્યું :

● 'ને આમ તો મારે વરસાદ સાથે જૂનો સંબંધ
કેટકેટલી વાગે છાલકો, જો સ્હેજ આંખ કરૂં બંધ !'

બી.બી. ચૌહાણ 'સલિલ' એ 'પ્હેલા વરસાદનું ગીત' રજૂ કરતાં જણાવ્યું :

● 'પ્હેલા વરસાદનાં પગલાંઓ આઠે પ્હોર ધરતીને ભીંજવે છે વ્હાલથી,
ત્રંબાળે જોસભરી દાંડીના ઘાવ જેવા ડંકાઓ આષાઢી માસમાં'

સંજય થોરાતે અછાંદસ રચના 'પહેલા વરસાદ પડે' રજૂ કરી અને નવીન પ્રકાર 'માઈક્રોફિકશનની રચના રજૂ કરી.'

● 'મારું નેજવું જોઈને વરસાદ ધોધમાર રડ્યો.'
'વરસાદે તંત્રની પોલ ખોલી, ટેન્ડર ખૂલશે.

અંતમાં સંજય થોરાતે આભાર વિધિ કરી. મેઘવંદના કાર્યક્રમ પૂર્ણ થયો.

- muljibhaidadhi@gmail.com